# પ્રકરણ : ૮

## અખબારી સ્વાતંત્રતા – મોરારજીભાઈના અંદાજમાં

**-કેરસી દેબુ**

મોરારજીભાઈને અખબારો અને પત્રકારો સાથે કયારેય સારા સંબંધ રહ્યા નથી. સામાન્ય રીતે રાજકારણીઓ પત્રકારો અને અખબારો સાથે સારા સંબંધ રાખવા પ્રયત્ન કરતા હોય છે. પત્રકારોને ભેટ સોગાદ આપવી કે છાપા સાથે સારા સંબંધ રાખી પોતાની પ્રશંસા કરાવવી એ સામાન્ય બાબત કહેવાય પરંતુ મોરારજીભાઈ પાસે એવી અપેક્ષા રાખી ન શકાય.

મોરારજીભાઈ જયારે મુંબઈ રાજયના ગૃહપ્રધાન હતા કે મુખ્યમંત્રી હતા ત્યારે પણ મોરારજીભાઈની રીતિ-નીતિની ટીકા કરનાર છાપાઓ કે પત્રકારો તેઓના રોષના ભોગ બનવું પડયું હતું. મોરારજીભાઈના રોષનો ભોગ બનેલા અખબારો, લેખકો, કાર્ટુનીસ્ટો, પત્રકારો, શાયરો, હાસ્ય કલાકારો વિગેરેનું લાંબુ લીસ્ટ છે. મોરારજીભાઈ પોતાની આત્મકથામાં ભલે લખે છે કે તેઓ અખબારી સ્વતંત્રતા અને બોલવાની આઝાદીના પુરસ્કર્તા હતા પરંતુ અનેક બનાવો એવા બન્યા હતા કે જેમા આ દાવાનો છેદ ઉડી જાય છે. મોરારજીભાઈ પોતાની ટીકા સહન કરી શકતા ન હતા કે તેઓ પર થતી રમુજ પણ સ્વીકારી શકતા ન હતા.

મુંબઈ સ્ટેટના મુખ્યમંત્રી હતા ત્યારે મોરારજીભાઈને 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' જેવા જૂના અખબાર સાથે વાંકુ પડયુ હતું. મોરારજીભાઈની દારૂબંધીની નીતિ આ અખબારને યોગ્ય લાગતી ન હતી. મોરારજીભાઈ દારૂબંધીના ચુસ્ત હિમાયતી હતા અને મુખ્યમંત્રી બનતા સૌ પ્રથમ મુંબઈ રાજયમા દારૂબંધી દાખલ કરી દીધી હતી. જેના પ્રત્યાઘાતો આખા રાજયમા પડ્યા હતા. મોટાભાગના છાપાઓ દારૂબંધીની ટીકા કરતા હતા. ટાઈમ્સ ઓફ ઈન્ડીયા જેવા પ્રતિષ્ઠિત અખબારે મોરારજીભાઈની આકરી ટીકા તંત્રી લેખમા કરી. દારૂબંધીને કારણે જે નવા દૂષણો પેદા થશે અને બકરી કાઢતા ઊંટ પેસી જશે એવી ટકોર પણ કરી. બુટલેગરો અને અન્ય ગેરકાયદેસર દારૂ ગાળનારાને મોકળુ મેદાન મળી જશે. રાજયની આવક પર ભારે અસર થશે પરિણામે રાજયો ધ્વારા થતા કાર્યો પર પણ અસર પડશે. આમ મોરારજીભાઈનું આ પગલું આત્મઘાતી અને લોકશાહીના સિધ્ધાંત વિરૂધ્ધનું હોવાનું જણાવ્યું હતું પરંતુ ભાષા થોડી અવિવેકી અને અપમાનજનક હતી. જે મોરારજીભાઈ સહન કરી શકયા નહી અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને સરકારી જાહેરાતો આપવાનું બંધ કરી દીધું.

મોરારજીભાઈ પોતાની આત્મકથામા લખે છે..

"આ જ વર્ષમાં "ટાઈમ્સ ઓફ ઈન્ડિયા" પત્રની સામે કાંઈક પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. આ પત્રના તંત્રીને રાજયની દારૂબંધી નીતિ સામે સખત વિરોધ હતો અને એ વિરોધ કાંઈક મારી સામેના અંગત વિરોધ જેવો થઈ ગયો હતો. એથી આ પત્ર જે લગભગ સો વર્ષથી ચાલતું આવેલું હતું અને જેની નીતિ ગમે તેટલી ટીકાત્મક હોય તોપણ જે કદીયે અવિવેકી ભાષા વાપરતું ન હતું અને અંગત હુમલાઓ કરતું ન હતું એની એ નીતિ બદલાઈ ગઈ હતી અને એમાં અવિવેકી ભાષા અને અંગત આક્ષેપોનો ઉપયોગ થવા લાગ્યો હતો. "ટાઈમ્સ ઓફ ઈન્ડિયા" ની આ બદલાયેલી નીતિ છાપાઓ માટે લાભદાયક ન હતી. આવી નીતિ પીળા પત્રકારત્વની હોય છે, સારાં ગણાતા છાપાંની એવી નીતિ ન હોઈ શકે.

મુંબઈ રાજયની નીતિ હતી કે જે કોમવાદી છાપું હોય અગર તો પીળું પત્રકારત્વ ચલાવનારૂં છાપું હોય એવાં છાંપાઓને જાહેરખબર આપવી નહીં. "ટાઈમ્સ ઓફ ઈન્ડીયા" સરકારની ટીકા કરે એની સામે મુંબઈ રાજયે કે મેં કદી વાંધો લીધો ન હતો કારણ કે, એવો વાંધો લેવો એ લોકતંત્રને કદી શોભે નહીં અને તેથી કોઈ દિવસ એ વિશે કોઈપણ તંત્રીને અગર પત્રકારને અમે કશો દોષ દીધો ન હતો અગર તો કોઈની પાસે મારૂં કોઈ લખાણ છપાવવા કદીય સીધી કે આડકતરી વાત કરી ન હતી. પરંતુ "ટાઈમ્સ ઓફ ઈન્ડિયા" એ જયારે પત્રકારત્વના ખોટા ધોરણ પર જવા માંડયું ત્યારે અમારે એની સામે પગલાં લેવાની ફરજ પડી અને એને

જાહેરખબર આપવાનું બંધ કર્યું કારણ કે રાજય જાહેરખબર આપીને એવી ખોટી નીતિને ટેકો આપે એ પણ લોકતંત્રને શોભારૂપ નથી એમ હું માનતો હતો.

અભિવ્યક્તિ બાબતમાં મોરારજીભાઈનું વલણ એવું હતું કે જયાં સુધી કોઈ અખબાર રાજયની ટીકા કરે તેનો સ્વીકાર કરવો. નીતિમાં કોઈ દોષ હોય તો તેને જરૂરથી સુધારી શકાય પરંતુ કોઈ અખબાર અંગત ટીકા કે વ્યક્તિગત આક્ષેપો કરે ત્યારે તેની સામે પગલાં ભરવા જોઈએ.

અખબારો માટે જાહેરખબર અને જાહેરાતોનું ખૂબ જ મહત્વ હોય છે. છાપાને મળતી સરકારી જાહેરાતો મળતી બંધ થાય તો છાપુ આર્થિક સંકટમાં આવી પડે. મોરારજીભાઈના પગલાંથી ગુસ્સે થયેલા છાપાના માલિક અને તંત્રી દિલ્હી જઈ જવાહરલાલજીને મળ્યા પરંતુ જવાહરજીએ "સરકારને નાણાંની ખેંચ હોવાથી જાહેરાત બંધ કર્યાનું બહાનું બતાવ્યું. દરમ્યાન છાપાની માલિકી બદલાઈ ગઈ.

નવા માલિકો મોરારજીભાઈને મળીને સમાધાનની ભૂમિકા રજુ કરી અને મોરારજીભાઈ કહેશે તો તંત્રીને પણ બદલી નાંખવાની તૈયારી બતાવી પરંતુ મોરારજીભાઈએ તેવું ન કરતા છાપાની યોગ્ય નીતિ નક્કી કરવાનું સુચન કર્યું હતું. અહીં છાપાના તંત્રીને આવું સૂચન કયાંથી માન્ય હોય? છાપાનો તંત્રી કંઈ માલિક કહે તે પ્રમાણે લખવા તૈયાર થાય નહીં. અહીં તંત્રીની અંગત અભિવ્યક્તિઓ સવાલ પેદા થતો હતો. જે તંત્રી માનવા તૈયાર ન હતા. થોડા સમય પછી તંત્રી જાતે છૂટા થઈ ગયા અને પ્રકરણનો અંત આવ્યો.

"ટાઈમ્સ ઓફ ઈન્ડિયા" મા આર.કે.લક્ષ્મણ કાર્ટુનિસ્ટ તરીકે ખુબ જ ખ્યાતનામ હતા. ટાઈમ્સ ઓફ ઈન્ડિયામા તે સમયે પહેલા પાના પર રોજ લક્ષ્મણનું એક કાર્ટુન – વ્યંગચિત્ર છાપવામાં આવતું. જે લોકોમા ખુબ જ પ્રિય હોય એવું કહેવાતું કે ટાઈમ્સના વાચકો સમાચાર વાંચવા પહેલાં લક્ષ્મણનું વ્યંગચિત્ર જોતા! લક્ષ્મણજીનું બીજું એક "You Said it" અને તેમા એક Common man એ રોજીંદુ એક જુદુ વ્યંગચિત્ર રહેતુ. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના સંચાલકોએ લક્ષ્મણજીને છૂટો દોર સોંપ્યો હતો. જેને પ્રસિધ્ધ કરતા કોઈ રોકી શકતું ન હતું. રાજકારણીઓની ટીકા કરતું કે સરકારના નિર્ણયોની ઠેકડી ઉડાડવી અને રમુજ પેદા કરવી એ લક્ષ્મણજીની ખાસિયત હતી. આઝાદી પછી પણ જવાહરજી, ઈન્દિરાજી કે રાજીવ ગાંધી સુધીના નેતાઓ પર અનેક વ્યંગચિત્રો લક્ષ્મનજીએ દોરેલા. જવાહરજીની સેન્સ ઓફ હ્યુમર સારી હતી. તેઓ આવા કાર્ટુનોને ફ્રેમમા મઢાવી દિવાલ પર ટાંગતાં.

મોરારજીની દારૂબંધી અને મૂત્ર ચિકિત્સા લક્ષ્મણજી માટે સારો વિષય પુરા પાડતા. એક કાર્ટુનમા મોરારજીભાઈ એક દારૂડિયાના હાથમાંથી બાટલી ઝૂંટવી લઈ તેને 'શિવાંબુ' પીવાની સલાહ આપે છે. બીજા એક કાર્ટુનમા મોરારજીભાઈને દારૂના બારમાં બેસી દારૂ, સિગારેટ પીતા અને હાથમાં પાના (જુગાર) રમતા દર્શાવ્યા હતા ને નીચે લખ્યું હતું "Hope of the Nation – રાષ્ટ્રની ઈચ્છા!"

આ કાર્ટુનથી મોરારજીભાઈ ભડકયા અને લક્ષ્મણજી પર પ્રતિબંધ મુકવા માટે કેબીનેટથી મીટીંગ બોલાવી જેમાં સરકારની નીતિ,પ્રધાનો કે રાજકીય નેતાઓ ઉપર કાર્ટુન નહી દોરી શકાય તેવો ઠરાવ રજુ કર્યો. જે બંધારણમા અભિવ્યક્તિની આઝાદીના હક્કથી વિરૂધ્ધ હોય. અન્ય સાથીઓએ મોરારજીભાઈને ટેકો નહી આપતા. ઠરાવ અવગતિએ ગયો હતો.

આવા અનેક પ્રસંગો અને અખબાર સાથેના સંબંધો વિશે હવે પછી નવા પ્રકરણમા ચર્ચા કરીશું.